સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

વિકાસના રસ્તા પર વાગી કેગ ની ઠેંસ!
કરવા ગયા થૂલી પણ થઇ ગઇ ઘેંસ!
દેશ ગરીબ, પણ લીધો અમીરીનો વેશ -
દંભ-દેખાડાની આબરૂ ચાવી ગઇ ભેંસ!

હાઈકુ

બોર્ડ-નિગમ
- ની ચણભણ શરૂ,
ઉડે તણખા!

વિસ્તરણના -
- ઘાસે નાખો પેટ્રોલ!
થશે ભડકો!

(કાર્યકરોમાં અસંતોષ અને થાક)

ચિંતન

**નોદન્વાનર્થિતા મેતિ સદામ્ભોભિઃ પ્રપૂર્યતે ।
આત્મા તુ પાત્રતાં નેયઃ પાત્ર માયાન્તિ સંપદ ॥**

'સમુદ્ર, મહાસાગર કંઇ કોઇ પાસે યાચક બનીને પાણી માગવા ભટકતો નથી, તો પણ સદાય સતત નિરંતર જલના સમૂહોથી તે ભરાતો જ રહે છે. આપણે પોતાની જાતને જ પાત્ર-યોગ્ય બનાવવી જોઇએ કારણ કે સંપત્તિ - સદ્‌ગુણો-સફળતા સદાય પાત્રતાને જ પ્રાપ્ત થાય છે'

માણસે પોતાની પાત્રતા પ્રાપ્ત કરવી જોઇએ. યોગ્ય લાયકાતથી જ બધું જ પ્રાપ્ત થઇ જાય છે. દબાણ-લાગવગના જમાનામાં પણ 'મેરીટ' નું મૂલ્ય છે. પાત્ર વિદ્યાર્થીને સારાં ગુણાંક મળે છે પાત્ર સેવક-કાર્યકરને પ્રધાન પદ પ્રાપ્ત થાય છે. પાત્ર વારસને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

વિદ્યા-સંસ્કાર-ગુરૂપ્રેમ-આશીર્વાદ શુભેચ્છા પણ 'પાત્રતા' ને જ પ્રાપ્ત થાય છે. ઇનામો-ક્રમાંક-ચંદ્રકો પાત્રને જ મળે છે.

અહીં સમુદ્રનું દૃષ્ટાંત આપી આ વાત સરળ રીતે સમજાવવામાં આવી છે.

સુવિચાર

- દરેક માણસનું જીવન ઇશ્વરનાં હાથે લખવામાં આવેલી એક પરિકથા છે - જન કલ્યાણ
- જીવન તો કમળનાં પાંદડા પર રહેલા ઝાકળબિંદુ જેવું હોય છે - જીવનસૂત્ર
- સંબંધોને સોનાનાં વરખની નહીં હૈયાના હરખની જરૂર છે - એસ.એમ.એસ
- મિત્રો સાથે મોટા થવાય.. મિત્રો સામે મોટા ન થવાય - રાજ ભાસ્કર
- સંબંધો પ્રેમથી નહીં પણ સાથ આપવાથી વધે છે - હૃદયસૂત્ર
- કેળવણી ગતિશીલ હોવી જોઇએ, વહેતી રહેવી જોઇએ.. ભણનારની માનસિક સૃષ્ટિને ફળદ્રુપ બનાવે તેવું તેનું વહેણ હોવું જોઇએ - સરદાર પટેલ
- માણસનું ચારિત્ર્ય કાવ્યથી ઘડાય છે.. આચારથી વિકાસ પામે છે... અને સંગીતથી પૂર્ણ થાય છે - સંત ફ્રાન્સીસ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

વિનોબા ભાવે સંસ્કૃતના ઉત્કૃષ્ટ વિદ્વાન હતા. વેદ-ગીતાના શ્લોક-ઋચાઓ મુખપાઠ હતા પણ આશ્રમમાં (સાબરમતી) તો મૌનબાબાની જેમ બગીચામાં કે સાફસૂફીનું કામ કર્યા કરતાં અને ઘણો સમય એકાંતમાં (અધ્યયનમાં) જ પસાર કરતા.

એકવાર કોઇ આનંદ-મંગલની ક્ષણે વહેલી સવારે સાબરમતીમાં નાહવા ગયા ત્યાં નદી વચ્ચે ઊભી સંસ્કૃતના શ્લોકોનું જોરશોરથી ગાન કરવા લાગ્યા. સામે કાંઠે આવેલી કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ એ આ શુદ્ધ ઉચ્ચારણવાળા શ્લોકોનું ગાન સાંભળ્યું.

અને પૂછપરછ કરતાં ખબર પડી કે આ વ્યક્તિ આશ્રમમાં રહે છે. બપોરે વિદ્યાર્થીઓ આશ્રમમાં પહોંચ્યા. અને સંચાલકને શરીર અને દેખાવનું વર્ણન કરી અમારે એને મળવું છે અને 'સંસ્કૃત' શીખવું છે.

સંચાલક કહે તેમ જે વર્ણન કરો છો એ વ્યક્તિ તો 'વિનોબા' છે પણ આશ્રમમાં તો એક 'ગુંગા' (મૌની) તરીકે જ જાણીતા હતા. એટલે સંચાલક કહે એ તો કંઇ બોલતાં જ નથી! આમ છતાં ચાલો હું તમને એની પાસે લઇ જાઉં!

વાતચીત થઇ - વિદ્યાર્થીઓ લાયક હતા અને વિનોબાજી એ એમને સંસ્કૃત શીખવવાની હા પાડી. સંચાલકને ખૂબ આશ્ચર્ય થયું, મનમાં થયું સાચા આશ્રમવાસી આવા જ હોય!

Email - sureshchandrabhatt18@gmail.com

હજી સ્ટેશન એવું જ છે, વેઈટીંગ રૂમ પણ છે... હું એ પ્લેટફોર્મને સ્તબ્ધ બનીને જોતો રહ્યો, અહીં ગાંધીની અપમાનબોધથી ભડકતી આંખોમાંથી ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ થયો હતો

સ્મરણ

- નટુભાઈ પરમાર

(ગતાંકથી આગળ...)

બક્ષીએ ડરબન (દ. આફ્રિકા)ની કોર્ટમાં ગાંધીજીને ગોરા ન્યાયાધીશ દ્વારા પાઘડી ઉતારવાનો થયેલ અપમાનજનક આદેશ, પ્રિટોરિયામાં પ્રેસિડેન્ટ ક્રુગેરના ઘર આગળથી ચાલતા જતા ગાંધીજીને સિપાઈ દ્વારા ચેતવ્યા વિના ધક્કો અને લાત મારી પગથિયા પરથી ઉતારી દેવાયા, જોહાનિસબર્ગમાં ઘોડાના સિગરામમાં ગોરા કંડક્ટર દ્વારા ગાંધીજીને પડેલો સખત માર, આવા અપમાનબોધને કારણે ગાંધીજીએ પ્રિટોરિયામાં લોકજાગૃતિ અર્થે એમના જીવનની સૌ પ્રથમ જાહેરસભા સંબોધી અને ડરબન નજીક ફિનિક્સ ખાતે સ્થાપેલ પ્રેસ અને શરૂ કરેલ 'ઈન્ડિયન ઓપિનીયન' પત્ર વિશે, એ પુસ્તકના ૭૭માં પૃષ્ઠ પરના વિસ્તૃત પ્રકરણમાં ખાસ સંશોધન કરીને ઐતિહાસિક વિગતો આપી છે. એ સૌમાં પિટરમારિત્ઝબર્ગ વિશે, હૃદયમાં દુઃખ અને ગ્લાનિ સાથે પણ બક્ષીએ (એમના જ શબ્દોમાં કહીએ તો) કચકચાવીને આમ લખ્યું છે : 'પિટરમારિત્ઝબર્ગ પ્લેટફોર્મ પર ટિકિટની જરૂર પડતી નથી. એ જ ઉદાસ, મનહૂસ સ્ટેશન. આજ પ્લેટફોર્મ પર ગાંધીજીને ફેંકી દીધા હતા. હજી સ્ટેશન એવું જ છે. વેઈટીંગ રૂમ પણ છે... હું એ પ્લેટફોર્મને સ્તબ્ધ બનીને જોતો રહ્યો. અહીં ગાંધીની અપમાનબોધથી ભડકતી આંખોમાંથી ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ થયો હતો. માત્ર ભારતની જ નહિ, વિશ્વની પીડિત-શોષિત-દમિત પ્રજાઓના સંઘર્ષની જ્યોત જલી હતી. આ યાત્રાસ્થાન હતું, તીર્થક્ષેત્ર હતું. મેં પૂછ્યું : દક્ષિણ આફ્રિકાની સરકાર અહીં કોઈ શિલાલેખ કે બહાર કંઈ મૂર્તિ મૂકવાનું વિચારતી નથી ?'

ખેર, પિટરમારિત્ઝબર્ગ જતાં પહેલાં જોહાનિસબર્ગમાં મારા રહેઠાણની બાજુમાં જ એક વિશાળ લાયબ્રેરીમાં જઈને મેં ઘણા બધાં પુસ્તકો તો નહિ, પણ આફ્રિકન હિસ્ટરીના પૃષ્ઠો વાંચવાનો પ્રયત્ન કરેલો. ત્યાંની પ્રતિષ્ઠિત ઈયર બુક્સમાં પણ આફ્રિકન ઈતિહાસના પાનાં વાંચવાનો પ્રયત્ન કરેલો. સાથે સાથે આફ્રિકાના નયનરમ્ય અને કુદરતી ખજાનાઓ, વન્યપ્રાણીઓથી હર્યાભર્યા સ્થળોની માહિતી આપતાં પ્રવાસન પુસ્તકોને પણ મેં ઉથલાવી જોયેલાં. તો પણ મારે નિરાશા સાથે કહેવું રહ્યું કે, મેં ઉથલાવેલા સાહિત્યમાં જ્યાં પણ પિટરમારિત્ઝબર્ગ વિશે લખાયું છે એમાં એ મહાત્મા ગાંધી વિશે માત્ર બે લીટીમાં જ સમેટાઈ ગયેલું છે. કદાચ આફ્રિકન ઈતિહાસના કે આ ચોક્કસ વિષય પરના દળદાર પુસ્તકોમાં એનો વિગતે ઉલ્લેખ હોય પણ ખરો. પણ મેં એ જોયો નથી કે એટલો સમય મારી પાસે નહોતો, એ હું કબુલ કરું છું. આમ છતાં જે મોટે ભાગે લોકભોગ્ય અને લોકપ્રાપ્ય છે, એવી ઈયર બુક્સ કે પ્રવાસન સાહિત્યમાં ક્યાંય પિટરમારિત્ઝબર્ગ સંદર્ભે મહાત્મા ગાંધીનો, એક મહત્વપૂર્ણ ક્રાંતિના જનક તરીકેનો જેટલો ગૌરવભર્યો ઉલ્લેખ હોવો જોઈએ તેટલો દેખાતો નથી. અથવા એ ઘટના દ. આફ્રિકા માટે કંઈક ઓછા મહત્વની હોય એમ એનો ઉલ્લેખ થાય છે. ઉદાહરણ રૂપે 'સાઉથ આફ્રિકન ઈયર બુક-૨૦૧૩' માં ઉલ્લેખ છે : 'પસાર થયેલા ખરડાઓના વિરોધમાં દક્ષિણ આફ્રિકામાં ૧૯૫૨ની સવિનય વિરોધની ચળવળ અહિંસાના નેજા હેઠળ જે શરૂ થઈ તેણે, લોકસમૂહને એક સૂત્રમાં જોડ્યો. આ ચળવળ પર અમુક અંશે મહાત્મા ગાંધીના અહિંસક વિચારોની અસર હતી.' જ્યારે 'ધી બેસ્ટ ઓફ કે.ઝેડ.એન. એન્ડ સ્વાઝીલેન્ડ : ટ્રાવેલ ગાઈડ (૨૦૧૩-૨૦૧૪)'માં ક્વાઝુલુ-નાતાલ પ્રાંતના કેપિટલ એવા 'ગાર્ડન સીટી' થી ઓળખાતા પિટરમારિત્ઝબર્ગ વિશેના (પાન-૬૧ પરના) લખાણમાં બ્રિટીશરોએ સૌ પ્રથમ ૧૮૩૭માં આવીને પિટરમારિત્ઝબર્ગ ને એક ગામડામાંથી મોટા શહેરમાં પરિવર્તિત કર્યું તેની, તેના બ્રિટીશ સ્થાપત્યોની, કોલોનીઅન સ્ટાઈલ બિલ્ડીંગોની, લાલ ઈંટોથી શોભતા મકાનોની, તેના મ્યુઝિયમોની ગૌરવભરી નોંધ સામે મહાત્મા ગાંધી વિશે માત્ર આટલું જ લખાણ છે : 'વિક્ટોરીયન આર્કિટેક્ટ અને કોલોનીયન સ્ટાઈલના મકાનો અહીં મહાન ભારતીય નેતા મહાત્મા ગાંધીની એક સાદી પ્રતિમાની સામે ઉભેલા છે, જેમને "માત્ર ગોરાઓ માટે"ના રેલ્વેના પ્રથમ વર્ગના ડબ્બામાંથી આ પિટરમારિત્ઝબર્ગ રેલ્વે સ્ટેશનેથી ધક્કો મારીને ઉતારી દેવાયા હતા.'

વિશાદ સાથે પિટરમારિત્ઝબર્ગ ના ભવ્ય રેલ્વે સ્ટેશનથી બહાર નીકળતો હતો ત્યારે જાણે મારા જ મનના ભાવોને વાચા મળતી હોય એવી, આ રેલ્વે સ્ટેશન પરિસરની જ એક દિવાલ પર બ્લેક સ્ટોનમાં જડાયેલી પ્રો. ફાતીમા મીર દ્વારા ૨૫ એપ્રિલ ૧૯૯૭ના રોજ, કોઈ મહત્વપૂર્ણ પ્રસંગે લખાયેલી-મહાત્મા ગાંધીને દ. આફ્રિકાએ પૂરા ઓળખ્યા નહિ, એનો વસવસો વ્યક્ત કરતી આ એક દસ્તાવેજી કવિતા (અંગ્રેજી) મારી નજરે ચઢી, જેનો ભાવાનુવાદ અહીં પ્રસ્તુત છે.

**મોહનદાસ કરમચંદ ગાંધી,
આજ ૨૫મી એપ્રિલ ૧૯૯૭ના દિવસે
અમારા શહેરની આઝાદીનો યશ અમે આપને અર્પિત કરીએ છીએ.
અમને એ વાતનું દુઃખ છે કે,
જ્યારે આપ અમારા આ શહેર પિટરમારિત્ઝબર્ગમાં સદેહે ફરતા હતા
અને કામ કરતા હતા,
ત્યારે અમે આ ન કહી શક્યા.
ત્યાં દૂર-સુદુર ભારતમાંથી આપનો પ્રભાવ વિશ્વભરમાં જ્યારે પથરાઈ રહ્યો હતો,
ત્યારે અહીં પિટરમારિત્ઝબર્ગમાં અમે પરતંત્ર (ગુલામ) હતા.
એ તો આજે હવે અમે સ્વતંત્ર બન્યા છીએ.
અને તેથી જ આજે અમે અમારી એ ભૂલને સુધારવાની તક લઈએ છીએ
અને કહીએ છીએ કે, અમને ક્ષમા આપજો.
મોહનદાસ કરમચંદ ગાંધી
આજથી ૧૦૪ વર્ષ પહેલાં આપ અમારા આ શહેરમાંથી પસાર થયા છો.
આપે આ અમારા શહેરમાં જ મુક્કા અને લાતોનો માર વેઠયો છે.
આપને રેલ્વે કમ્પાર્ટમેન્ટમાંથી બહાર ફેંકી દેવાયા હતા - આ જ શહેરમાંથી,
તે કેવળ એટલા જ કારણે કે આપે આપનો અધિકાર માંગ્યો હતો -
ભારતીય તરીકેનો, કાળા એશિયન તરીકેનો.
આપને મળેલા એ અપમાનો અને દુઃખોને
આપે અહિંસક સત્યાગ્રહ, સર્વોદય, શાન્તિ, પ્રેમ, સમાનતાના માર્ગે
સમસ્ત માનવજાતના કલ્યાણમાં પરિવર્તિત કરી દીધા.
ત્યારે અમે જાણી નહોતા શક્યા.
પણ આજે હવે અમે આપની એ લાગણીને સમજી શક્યા છીએ,
જેણે આપને જાતિવાદ, રંગભેદ, અસમાનતા, અન્યાય,
અસત્ય, અજ્ઞાનતા અને હિંસા સામે લડત આપવા પ્રેર્યા હતા.
આપની એ તાકાત જે સદૈવ અમારી સાથે જોડાયેલી છે
તેનો અમે ઋણસ્વીકાર કરીએ છીએ.
આપના દ્વારા ભારત અને દ.આફ્રિકાની બેવડી સફળ લડતની ઉજવણીના ઉપલક્ષ્યમાં,
અમારા સૌ વતીથી અમારા રાષ્ટ્રપ્રમુખ મન્ડેલા દ્વારા,
ભારતીય હાઈ કમિશ્નર ગોપાલકૃષ્ણ ગાંધીને
અર્પિત થતા આ શબ્દોનો આપ સ્વીકાર કરજો અને અમને માફ કરજો.**

(સંપૂર્ણ)

મૂળ વાર્તા નાની છે, તેનું યથાતથ નાટ્ય રૂપાંતરણ એકાંકીથી લાંબું થઇ શકે તેમ ન હોઇ નાટ્યકારની દ્વીઅંકી નાટક લખવાની નેમ હોવાથી નાટક માટે આવશ્યક દૃશ્યો ઉમેર્યા છે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણા જાણીતા નાટ્યવિદ્ અને વિવેચક ડૉ. સતીશ વ્યાસ લખે છે '...નાટક જોઉં, ઘણે સ્થળે દેખાય. ચાની લારી, કિટલી, સબ્જી મંડી, અંતરિયાળ ગામડાં, ઉત્સવો આદિમાં પણ પ્રજા જીવનનાં ભાત ભાતનાં નાટક દેખાય, લોકનેતાઓ, શિક્ષણ જગત અને રાજનેતાઓનાં નાટકો દેખાય. ભાષાના ભિન્નભિન્ન લહેકાઓ સંભળાય. એ બધું નાટકમાં ન ઉતરે એ ખરું પણ એ સંસ્કાર કયારેક તો અવતરે. આપણી ભાષા ભૂલી જઈએ અને અન્યની ભાષામાં લેનીન થઈએ. ખુદને ભૂલીને અન્યને સમજવામાં - આલેખવામાં ધન્ય થઈ એવો અવકાશ આ માધ્યમ પુરો પાડે છે.'

આ વાત હું લખું છું ત્યારે તમે એ સમજી જ ગયા હશો કે આજે કોઈ નાટકનાં પુસ્તકની વાત થવાની છે. તમારી ધારણા બિલકુલ સાચી છે.

આજે મારે તમને ડૉ. કેશુભાઈ દેસાઈના દ્વિઅંકી નાટક પટકથાની વાત કરવી છે. તેમણે વાર્તા અંગે કરેલી વાત મને તો અહીં તેમના જીવન માટે પણ એટલી જ સાચી લાગે છે. તેઓ ના મતે જીવતા માનવીના શ્વાસોશ્વાસની ફોરમ ઝીલે. નાયકના નિસાસાનો ફોટોગ્રાફ પાડે. નાયિકાની નમણી કીકીમાં પીડાની પરછાંઇ થઈને પ્રગટે.

'પટકથા'ની પટકથા વિષે લખતાં લેખક જણાવે છે કે આ નાટક 'પટકથા' નામની તેમની વાર્તા પર આધારિત છે. એ વાર્તા તેમને જૂની રંગભૂમિના નાયકોની રઝળપાટ ભરી જીવનશૈલી પરથી સુઝી હતી. 'પટકથા'ના વિષય વસ્તુ પાછળ સુષુપ્ત માનસમાં પડેલી નટ સમ્રાટ જયશંકર 'સુંદરી'ની છબી સાથે આ બધાનું કલાત્મક સંયોજન 'પટકથા' નામની ટૂંકી વાર્તા રૂપે થયેલું, કેન્દ્રીય સંગીત નાટક અકાદમી અને નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના સહયોગથી યોજવામાં આવેલ નાટ્ય શિબિરમાં વિનોદ અધ્વર્યુના માર્ગદર્શન હેઠળ લેખકે 'પટકથા' વાર્તાનું દ્વિઅંકી નાટકમાં રૂપાંતર કર્યું. જેમાં રંગભૂમિની જરૂરિયાતોને લક્ષમાં લઈ મૂળ વાર્તામાં કેટલાક ફેરફારો કર્યા છે. પરંતુ આ ફેરફારોથી વાર્તાનું હાર્દ જોખમાયું નથી. કથામાં થોડી કાપકૂપ, થોડું ઉમેરણ અને નાટ્યોચિત પરિવર્તન લેખકે પોતાની સર્જનતાની રૂએ કર્યું છે. પુસ્તકમાં આપણને નાટ્યવિદ્ ડૉ. મહેશ ચંપકલાલની પ્રસ્તાવના મળે છે. જેમાં વિદ્વાન નાટ્યાચાર્યને આ નાટ્યકૃતિ મૂળ વાર્તા કરતાં વધારે ગુણવત્તાયુક્ત લાગી છે. એમના તારણ મુજબ આ કૃતિ વાર્તાનું નાટ્યરૂપાંતર નહીં બનતાં વાર્તાના આધારે લખાયેલી સ્વતંત્ર નાટ્યકૃતિ બની ગઈ છે. તેથી લેખકે પોતે કરેલું નાટ્ય રૂપાંતર કહેવાની જગ્યાએ 'લેખકે સ્વરચિત વાર્તા પર આધારિત લખેલું નાટક' એમ કહેવું યોગ્ય ગણાય. આ નાટ્યોચિત ફેરફારો વિશે થોડી વિગતો જોઈએ.



માનવમનનાં તાણાવાણાંઓને ઉજાગર કરતું એક સુરેખ નાટક

મૂળ વાર્તાનાં ડો. તુષાર નાયકની સ્મૃતિમાં સચવાયેલી ઘટનાને રંગમંચ પર દૃશ્યમાન માધ્યમથી પ્રસ્તુત કરવા માટે નાટકના આરંભે નાટ્યકારે પ્રથમ દૃશ્યમાં નેપથ્યમાંથી મંછી માનો અવાજ સંભળાય ને ત્યાર બાદ ફોટામાંથી સ્વરં પ્રગટેલી મંછીમા ડો. તુષાર નાયક સાથે વાતચીત કરે એ પ્રયુક્તિ જોવા મળે છે. ડૉ. તુષાર જયારે પોતે કિશોરાવસ્થામાં હતો ત્યારે મંછી મા એ તેની પાસે દાદાજીનો ફોટો ઉતરાવેલો એ ઘટના સાથે બાર વર્ષ પહેલાં ઘટેલી ઘટના ફલેશબેકની પદ્ધતિથી પ્રત્યક્ષ પણે પ્રેક્ષક સમક્ષ ભજવાય છે. અહીં મૂળ વાર્તામાં લાલજીના ફોટા પર મૂછો ચીતરી લીધા પછી મરણ પથારીએ પડેલી મંછી મા જાતે જ પોતાની હૈયાવરાળ ઠાલવતાં અજાતની ઘટના વર્ણવે છે. જયારે નાટકમાં તેર વર્ષનો તુષાર, શાહીનો ખડિયો લઈ આવવાં અને દાતણનો કુચો કરી આપવા માટે શરત મુકે છે. 'માડી એ વાર્તા કહેવી પડશે... માટે તો ભા ની વાતા સાંભળવી છે.' ફોટા પર મૂછો ચીતરેલી જોઈ તુષાર 'દાદાજીનો ફોટો કેમ બગાડી નાંખ્યો? એમ કહી રોષે ભરાય છે. ત્યારે નાટ્યકાર મંછી મા ના મુખે કહેવડાવે છે કે 'મને તારા દાદાજીની એ બાયડી છાપ મંછી છબી દીધી ન'તી ગમતી.' એ સાથે સન્નાટો છવાઈ જાય છે. ને ત્રીજું દૃશ્ય આરંભાય છે. 'શેણી-વિજાનંદ' નાટકના મંચનનું એ દૃશ્ય કે જેમાં લાલજી કાંચળિયો શેણીના પાત્રમાં અને જેસંગ જાગીરદાર વિજાનંદના પાત્રમાં રજૂ થાય છે. આ આખુંય દૃશ્ય નવીન યોજના છે. મૂળ વાર્તા નાની છે. તેનું યથાતથ નાટ્ય રૂપાંતરણ એકાંકીથી લાંબું થઈ શકે તેમ નહોઈ નાટ્યકારની દ્વીઅંકી નાટક લખવાની નેમ હોવાથી નાટક માટે આવશ્યક દૃશ્યો ઉમેર્યા છે. ડૉ. તુષારની સ્મૃતિ રૂપે વાર્તાકાર દ્વારા વર્ણવેલી વિગતો 'લાલજી કાંચળિયો એટલે! આખું વડોદરું એના પર ઓળઘોળ, ભલભળા શેઠીયા એનો નાચ જોઈને ભાન ભૂલી જતા. સીસોટીઓ પર સીસોટીયો વાગતી. એક એક ગાયન સાત સાત વાર 'કટ' થતું. રૂપિયાનો વરસાદ વરસતો.' મંછી ડોશીની સ્મૃતિ રૂપે તેના આત્મમંથન દ્વારા નાટ્યોચિત રૂપે પ્રગટ થયું છે. મૂળ વાર્તામાં ગામનાં પાદરે લાલજી કાંચળિયા અભિનિત 'નળ દમંયતી' નાટકની ભજવણીનો ઉલ્લેખ છે.

બીજા અંકના આરંભે પ્રથમ દૃશ્યમાં સૂત્રધાર એવી મંછી ડોશીનો અવાજ નેપથ્યમાંથી સંભળાય છે. જેમાં મૂળ વાર્તાની સાવ વિપરીત રીતે મંછી ડોશી એકરાર કરે છે. મનમાં ઊંડે ધરબાઈને પડેલી મૂછાળા મરદ પામવાની તેની આરત અહીં જાણે જેસંગ જાગીરદાર રૂપે મૂર્તિમંત થતી હોય તેમ લાગે છે.

દ્વિતીય અંકનું બીજું દૃશ્ય અસરકારક છે. અહીં જેઠાણીના પાત્રને નાટ્યકારે સરસ રીતે વિકસાવ્યું છે. નાટક મધ્યાંતર પછી મૂળ વાર્તા કરતાં સાવ અલગ દિશામાં ગતિ કરે છે. જેઠી ભાભી પોતે લીધેલી બાધાને લીધે મંછીને કુંભે પાંચ ચોડીઓ પર દીકરો અવતર્યો એનો હરખ કરતી બોલી ઊઠે છે. 'મૂઈ જીભ ચામડાની છ, પણ હાચું કઉં? મને તો એ અદ્દલ જેસંગ જાગીરદાર જેવો લાગ્યો. તો કે' છ : મી પેલું ભરથરીવાળું નાટક જોયેલું તે રાતે ઈયાનું સપનું આયેલું, બાકી બીજું કાંઇ જ નહીં. નાટક પતી ગયા પછી જેસંગ! લાલજીના ઘેર રાતે રોકાયો પણ હતો. એટલે ગામના લોકોને દાળમાં કાળું હોવાની શંકા જાય છે. ત્યારે જેઠાણી સૂચકપણે કહે છે કે 'સપનામાં કોઈનું મુઢું જોવાઈ ગયું એમાં એ શું કરે બાપડી! મૂળ વાર્તામાં દીકરાનો ચહેરો જેસંગ જાગીરદાર જેવો જ છે. એ રહસ્ય પહેલીવાર લાલજી કાંચળિયાના મુખેથી જ ઉદ્‌ઘોટિત થાય છે. ત્યારે વાર્તામાં વળાંક આવે છે. પણ અહીં નાટકમાં જેસંગ જાગીરદારનો લાલજીના ઘરે રાતવાસો, ગામનાં લોકોની શંકા, એ શંકાને ઘેરી બનાવતાં જેઠાણીની અવળવાણી ને છેલ્લે દીકરાનું મોં જોઈ રોષથી ભભૂકી ઉઠેલા કાંચળિયાના મુખેથી ઠલવાતો લાવારસ નાટકમાં ચરમબિંદુ તરફ ગતિ કરી રહેલાં વસ્તુ વિકાસની પ્રતીતિ કરાવે છે. મૂળ વાર્તામાં લાલજી માંકડ મારવાની દવા પીને આત્મહત્યા કરે છે. પણ અહીં નાટકમાં તે કુવામાં ભુસકો મારે છે. કુવામાં ભૂસકો મારવાનો પાર્શ્વ ધ્વનિ નાટકની ભજવણીને વિશેષ અસરકારક બનાવી શકે, તેથી આ પ્રકારનો ફેરફાર નાટ્યકારની આગવી સૂઝને પ્રગટ કરી આપે છે. મૂળ વાર્તામાં તુષારની સ્મૃતિ રૂપે વાર્તાકાર દ્વારા વર્ણવાયેલ પસંદ અહીં નાટ્યકાર મંછી મા ના મુખે કહેવડાવે છે. જેમાં તુષારનો મરદ મુછાળો બાપ રમણ, રાજા ભરથરીની માફક કેમ અલોપ થઈ ગયો તેનો ખુલાસો મળી કહે છે. મંછી મા પોતાની પ્રત્યેક વાતમાં તુષારના બાપાની રાજા ભરથરી સાથે તુલસના કરતી રહે છે એ પણ અત્યંત સૂચક છે. નાટ્યકારે આ બધી હકીકતો ખુબ જ લાઘવ અને સહજતાથી નાટકમાં રમતી મૂકી આપી છે. મંછી માં પણ હવે પુનઃ પોતાની છબીમાં અલોપ થઈ જાય છે. નાટકના અંતે તુષારની પત્ની વિમુ દાદાજીના તર્પણ અર્થે દાદાજીના જીવન પર આધારીત ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવવાનો આઈડિયા આપે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આ વિશ્વમાં સૌથી અઘરો શબ્દ સોરી છે અને તેની પાછળ આપણો ઇગો જવાબદાર છે

હું રસ્તે રઝળતી વારતા

અચના કમલેશ

કંઇ પણ નવું કાર્ય શરૂ કરવા માટે આપણે યોગ્ય સમયની રાહ જોતા હોઇએ છીએ. પરંતુ ઘણીવાર યોગ્ય સમયની રાહ જોવામાં આપણું કામ અટવાઇ જતું હોય છે અને તે કાર્ય કરવા માટેનો યોગ્ય સમય પણ વહી જતો હોય છે. જો તમે પણ આવી જ કંઇક મુંઝવણ અનુભવતાં હો તો હવે મુંઝાવાની જરૂર નથી. કારણ કે નવું વર્ષ શરૂ થઇ ગયું છે અને કોઇ પણ કાર્ય શરૂ કરવા માટે નવા વર્ષથી વધુ યોગ્ય સમય ક્યો હોઇ શકે. અહીં આવા જ કેટલાક કરવા જેવા કામોની યાદી આપવામાં આવી છે, જે તમારા નવા વર્ષને ખુશીઓથી ભરી દેશે.

મોટા ભાગનાં લોકો એ વાત સાથે સહમત થશે કે, આ વિશ્વમાં સૌથી અઘરો શબ્દ સોરી છે. અને તેની પાછળ આપણો ઇગો જવાબદાર છે. ઘણીવાર આપણા બેસ્ટ ફ્રેન્ડ સાથે નાનકડી વાતમાં ઝઘડો થતાં આપણે તેની સાથે બોલવાનું બંધ કરી દઇએ છીએ અને થોડા વર્ષો બાદ તમને તે ઝઘડાનું કારણ પણ યાદ નથીં હોતું. તેમ છતાં બંને પક્ષનાં લોકો કોઇનાં દ્વાર પહેલ થવાની રાહ જોતાં હોય છે. જો તમારી સાથે પણ કંઇક આવું જ બન્યું હોય તો જુની વાતને ભૂલી તે વ્યક્તિને મેસેજ, કોલ, ઇમેઇલ કે પછી સોશ્યિલ મીડિયા પર મેસેજ કરી વિખરાયેલા સંબંધોને ફરી સાચવી લો. આમ કરવાથી તમને કંઇ સારું કામ કર્યાનો ગર્વ થશે, સાથોસાથ જૂનાં મિત્ર કે સંબંધી સાથે ફરી સંબંધો સુધારવાને કારણએ ખુશી થવાથી તમે એકદમ રિલેક્સ ફીલસ કરશો. અને નવા વર્ષમાં આનાં કરતાં વધુ મોટી વાત બીજી કઇ હોઇ શકે.

નવા વર્ષમાં પરિવારજનો, સગા-સંબંધી અને મિત્રોને યાદ કરવા એ સારી વાત છે, પરંતુ તેમની ઇચ્છાઓને પુરી કરવામાં પોતાની ઇચ્છાઓનાં ગળે ટૂંપો ના દેતાં. નવાં વર્ષમાં પોતાના માટે પણ થોડો સમય ફાળવો. આ સમયાં તમને ગમતાં કામ કરો. તમારા સ્વાસ્થ્ય પ્રત્યે થોડું ધ્યાન આપો અને રિલેક્સ ફીલ કરવાની સાથે અંદરથી ખુશી મળે તેવા કામ કરો.

નોકરિયાત મહિલાઓ માટે ઘર અને ઓફિસનાં કામને બેલેન્સ કરવું ખુબ જ મુશ્કેલ બની જતું હોય છે અને ઘણીવાર પોતાની સફળતા માટે પરિવારજનો અને બોસ તરફથી એપ્રિશિએશન ન મળવાને કારણે તેમનામાં લઘુતાગ્રંથિ આવી જાય છે. આવામાં તમે પણ આ પરિસ્થિતિનો શિકાર ના બનો તે માટે થોડી સાવચેતી રાખો. જયારે પણ તમને એવું લાગે કે તમે જે કામ કર્યું છે તે ખૂબ જ સારું છે તો એવાં સમયે કોઇનાં તરફથી એપ્રિશિએશન મળવાની રાહ ના જુઓ. જાતે જ પોતાની પીઠ થપથપાવો અને પોતાના પર ગર્વ અનુભવો.

તમારા કપડાં તમારી પસંદ અને પર્સનાલિટીને રિફ્લેક્ટ કરે છે. આથી નવા વર્ષમાં તમારા કબાટમાંથી જૂના કપડાંને છુટ્ટી આપી તેને નવેસરથી નવા કપડાંથી ભરી દો. અને કબાટમાં વ્યવસ્થિત કરવાનું હાલમાં જે ફેશન ચાલતી હોય તેનું આંધળું અનુકરણ કરવું. ફેશનને અનુસરવાને બદલે તમારા બોડી સ્ટ્રકચર તમારી સ્કીનનાં કલર, હાઇટ, ફેશન, તમારા જોબ પ્રોફાઇલ માટે યોગ્ય હોય અને તમારી પર્સનાલીટીને નિખારે તેવાં કપડાં લો. કબાટમાં નવાં કપડાં માટે જગ્યા બનાવવા અને કબાટને વ્યવસ્થિત કરવા માટે જૂનાં કપડાં કાઢી નાંખો.

તમારા કબાટ વ્યવસ્થિત કર્યા બાદ તમારા પતિનું કબાટ પણ નવું રૂપ આપો. વર્ષો જૂના ચેક્સ અને લાઇનિંગવાળા મોનોટોનસ શર્ટને કબાટમાંથી છૂટ્ટી આપો. કારણ કે પુરુષોમાં પાંચ વર્ષ પહેલાની અને હમણાંની ફેશનમાં ઘણો મોટો ફરક આવ્યો છે. હવે તો એવાં ક્લાસી ટીશર્ટ પણ મળે જેને તમે ઓફિસ પણ પહેરીને જઇ શકો છો. હાલમાં ચાલતી જેકેટની ફેશન અનુરૂપ જેકેટ ખરીદી તમારા પતિને નવો લુક આપો. જૂની સ્ટાઇલમાં જિન્સને બદલે હમણાં ચાલતાં સ્ટ્રેટ જિન્સ ખરીદો. તેની સાથે બેલ્ટ, પર્સ, સ્ટાઇલિશ શું જેવી એસેસરીઝ પણ ખરીદો.

(અનુસંધાન પાના નં. ૬ પર)